તૃષ્ણાનો ત્યાગ કરો, સૌને માટે કરૂણાનો ભાવ રાખો
- બુધ્ધ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૮ | ૨૮ એપ્રિલ ૨૦૧૨, શનિવાર, વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# નગરસેવકોનાં વેતન ભથ્થાંને મંજૂરી

## માસિક રૂ. બે હજારનું વેતન, ૫૦૦ રૂ. ટેલિફોન ખર્ચ અને ૩૦૦ રૂ. સ્ટેશનરી ખર્ચ પેટે અપાશે, બેઠકનું ભથ્થું રૂ. ૨૦૦ લેખે ચુકવાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોના વેતન-ભથ્થાની દરખાસ્તને રાજય સરકારના શહેરી વિકાસ વિભાગે મંજૂરીની મહોર મારી તે અંગેના જરૂરી આદેશો જારી કરી દીધા છે.

રાજયના શહેરી વિકાસ વિભાગે કરેલા આ હુકમને પગલે એક વર્ષના એરિયર્સ પેટે ચુકવવાના થશે અને જેને કારણે મહાનગરપાલિકાની તિજોરી પર અંદાજે રૂ. ૧૩ લાખ જેટલો આર્થિક બોજ આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોને ૭-૫-૧૧ના રોજ મળેલ પ્રથમ બેઠકથી આ વેતન ભથ્થા ચુકવવા અંગેની સ્પષ્ટ વાત શહેરી વિકાસ વિભાગે કરેલા હુકમમાં કહેવામાં આવી છે.

શહેરી વિકાસ વિભાગે કરેલા હુકમાં જણાવ્યાનુસાર દરેક નગરસેવકને માસિક રૂ. બે હજાર વેતન પેટે ચુકવવામાં આવશે. રૂ. ૫૦૦ ટેલિફોન ખર્ચ પેટે અને રૂ. ૩૦૦ સ્ટેશનરી ખર્ચ પેટે મહિને ચુકવવામાં આવશે.

આ ઉપરાંત રચાયેલ કમિટીના સભ્યોને બેઠક ભથ્થા પેટે રૂ. ૨૦૦ પણ માસિક રૂ. એક હજારની મર્યાદામાં ચુકવવામાં આવશે.

ગાંધીનગર કોર્પોરેશનની રચના કરાયા બાદ આ અંગેની દરખાસ્ત સામાન્ય સભામાં મંજૂર કરી સરકારને મોકલવામાં આવી હતી. એક વર્ષને અંતે રાજય સરકારે આ દરખાસ્તને મંજૂરી આપી છે.

સામાન્ય સભામાં આ દરખાસ્ત રજુ કરાઈ ત્યારે વિપક્ષ અને સત્તાધરી પક્ષના સભ્યો સામ સામે આવી ગયા હતા. કેટલાક સભ્યોએ આ દરખાસ્તની તરફેણમાં મતદાન કરી અને પોતે વેતન ભથ્થા નહિ સ્વીકારે તેવી જાહેરાતો પણ કરી હતી. આ મુદ્દે ભારે રાજકીય વિવાદ છેડાયો હતો. જો કે પાછળથી તે શમી ગયો હતો.

રાજય સરકારે મિલ્કત વેરાની દરખાસ્તને બહાલી આપ્યા બાદ હવે વેતન ભથ્થાની દરખાસ્તને પણ બહાલી આપી દીધી છે. સરકાર પાસે હવે મહાનગરપાલિકાની સ્ટાફ પેટર્ન, સભા સંચાલનના નિયમો સહિત અર્ધો ડઝન જેટલી દરખાસ્તો હજુ પેન્ડીંગ છે. આ ઉપરાંત સરકાર દ્વારા સત્તા સોંપણીના વિધિવત હુકમો થયા નહિ હોવાને કારણે વિવિધ સમિતિઓની રચનાનો મુદ્દો પણ અટવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ સરકાર સમક્ષ કોર્પોરેશનને સત્તાઓ સોંપવા ઉપરાંત સ્ટાફ પેટર્નની મંજૂરી તેમજ બેસવા માટે વધુ જગ્યાની ફાળવણી કરવા સહિતની જે દરખાસ્તો પેન્ડીંગ છે તે માટે હવે પછી મળનારી સામાન્ય સભામાં વધુ એકવાર પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

વિવિધ સત્તાઓની સોંપણી ન કરાતાં સમિતિઓની રચના થઈ શકી ન હોવાથી સત્તાધારી પક્ષમાં પણ ઉકળતા ચરૂ જેવી સ્થિતિ છે. હાલ કોર્પોરેશનમાં માત્ર સ્થાયી સમિતિની જ રચના કરવામાં આવેલી છે જે ઉલ્લેખનીય છે.



ગાંધીનગરની શોભા - ગાંધીનગરનો વિકાસ રાજાની દીકરીની જેમ થઈ રહ્યો છે... રાતે ના થાય એટલે દિવસે થાય અને દિવસે ન થાય એટલે રાત્રે થાય.... આ વિકાસની દોડમાં તંત્રએ સરસ મજાની ફૂટપાથ બનાવી... ફૂલોના ઝાડ તો વિકસેલા છે જ.... ઝાડ પર આવતા ફૂલો ગાંધીનગરના માર્ગોની આસપાસના વિસ્તારની શોભા વધારી રહ્યા છે.... પણ આ શોભા ક્યારેક નડતર રૂપ પણ બને છે.... તસવીરમાં ફૂલોથી લથબથ ઝાડ એટલું લચી પડ્યું છે કે, છેક...... ફૂટપાથ પર આવી ગયું છે.... રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી રૂપ છે.... તંત્રએ વિકાસની સાથે સાથે આવી નાની બાબતોને ધ્યાનમાં દઈ આવા ઝાડને થોડુંક જ વ્યસ્થિત કરી દે તો ભયોભયો થઈ જાય.....

# મેના બીજા કે ત્રીજા સપ્તાહમાં ચૂંટણી પંચ ગુજરાત આવી રહ્યું છે

## મતદાર જાગૃતિ અભિયાનનો આરંભ કરાવે તવી શકયતાઓ; પૂર્વ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા.૨૭

આગામી મે માસના બીજા કે ત્રીજા સપ્તાહમાં ભારતનું ચૂંટણી પંચ રાજયના પ્રવાસે આવશે. પંચ રાજયમાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અંગેની ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ચૂંટણી પંચ આબુ રાજયની મુલાકાતે આવી રહ્યું હોવાથી આ મુલાકાતનું મહત્વ વિશેષ છે. જેમાં ચૂંટણીને લગતી ખાલી જગ્યાઓ ભરવા સહિત ઈ.વી.એમ.ની જરૂરિયાત, મતદાન મતકોના પુનઃગઠન સહિતની બાબતો અંગે અધિકારીઓ સાથે ચર્ચાઓ થશે અને રાજય સરકારને આ દિશામાં જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવશે.

પંચ દ્વારા મતદાર યાદીની સુધારણા ઝુંબેશ ઉપરાંત મતદાર જાગૃતિ અભિયાનનો પણ આ મુલાકાત દરમિયાન રાજયમાં વિધિવત આરંભ કરાવવામાં આવે તેવી શકયતાઓ છે. પંચ દ્વારા પહેલીવાર મતદાર જાગૃતિ અભિયાન યોજવામાં આવી રહ્યું છે જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો મુજબ પંચ રાજયના તમામ જિલ્લા મથકો તેમજ તાલુકા મથકોએ મતદાર સહાય કેન્દ્રો જે શરૂ કરવામાં આવનાર છે તેમાં થયેલી પ્રગતિને લઈ પણ સમીક્ષા કરશે.

ખાસ કરીને ૩ વર્ષથી વધુ સમય સુધી એક જ જગ્યાએ ફરજો બજાવતા અધિકારીઓની બદલીના મુદ્દે પણ સરકારનું ધ્યાન દોરશે. જિલ્લા અને તાલુકાઓમાં ચૂંટણી સંલગ્ન ઘણી બધી ખાલી જગ્યાઓ હોઈ તે બાબતે પણ સરકાર સાથે ચર્ચા વિચારણા કરશે તેમ મનાઈ રહ્યું છે.

# ઉમતા હિંસા કેસમાં ૧૨૦નો નિર્દોષ છૂટકારો

## હત્યાકાંડના ૧૦ વર્ષ બાદ ચુકાદો જાહેર કરાયો : પુરાવાના અભાવે તમામ શખ્સો નિર્દોષ છૂટ્યા

અમદાવાદ,તા.૨૭

ગોધરા કાંડ બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં ભડકી ઉઠેલી કોમી હિંસા દરમ્યાન વિસનગર તાલુકાના ઉમતા ગામમાં ૨૦૦૨ દરમ્યાન સર્જાયેલા ઉમતા હત્યાકાંડના મામલામાં આજે ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. વિસનગર ફાર્સ્ટ ટ્રેક કોર્ટમાં લાંબી સુનાવણી ચાલ્યા બાદ આજે તમામ ૧૨૦ લોકોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. પુરાવાના અભાવે તમામ ૧૨૦ લોકો નિર્દોષ છુટતા સગા સંબંધીઓમાં રાહતનું મોજુ ફરી વળ્યુ હતું.

વિસનગર કોર્ટના ચુકાદા પર પહેલાથી જ તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ હતી. નોંધનીય છે કે, ઉમતા ગામમાં કોમી રમખાણ

● અનુસંધાન પાન-૭ પર





Stockiest List - Gandhinagar Dist. | S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |


# મતદારયાદી સુધારણા ઝુંબેશ ૧લીથી ૧૮ જૂન દરમ્યાન યોજાશે

## ઝુંબેશ દરમ્યાન યુવા અને મહિલા મતદારોનાં નામ નોંધવા માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૧લી જૂનથી ૧૮ જુન દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા અંગેનું ખાસ અભિયાન યોજવામાં આવશે તેમ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી પી. સ્વરૂપે આજે અત્રે જણાવ્યું હતું.

કલેક્ટર કચેરી ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યં હતું કે ૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જેમને ૧૮ વર્ષ પૂર્ણ કર્યા છે તે મતદારોની નોંધણી કરવા માટે આ ખાસ ઝુંબેશ છે.

આ ખાસ ઝુંબેશ દરમ્યાન યુવા અને મહિલા મતદારોના નામ નોંધવા માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ માટે શાળા-મહાશાળાના આચાર્યોને ડેઝીનેટેડ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યુ હતુ કે તા. ૧૦ અને ૧૭ જૂન દરમ્યાન તમામ મતદાન મથકો પર ચૂંટણીના કર્મચારીઓ મતદારયાદી સુધારણા ઝુંબેશના ભાગરૂપે જઈ નામ નોંધણી કરશે.

ગઈકાલે જિલ્લાના રાજકીય પક્ષોના આગેવાનો સાથે યોજાયેલ બેઠકમાં પણ પક્ષોના પોલીંગ એજન્ટો આમાં જોડાય તે માટે કહેવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે જિલ્લામાં પંચે આપેલ માર્ગદર્શિકા મુજબ મતદાન મથકોના પુનઃગઠન અંગે પણ જિલ્લાના નેતાઓ સાથે ચર્ચા થઈ હતી. તેમણે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે જિલ્લામાં ૩૯ મતદાન મથકો વધશે. જેમાં દહેગામમાં નવ, ગાંધીનગર(દ)માં ૧૧, ગાંધીનગર(ઉ)માં ૧૨, માણસામાં ૪ અને કલોલના ૩ મતદાન મથકોની દરખાસ્ત છે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં વિધાનસભાના પાંચ મતવિસ્તારો છે. ગાંધીનગર ઉત્તર એ નવો રચાયેલ વિધાનસભા મતવિસ્તાર છે.

જિલ્લામાં મતદાર સહાયકેન્દ્રો પણ કાર્યરત કરવામાં આવનાર છે. આ ઉપરાંત ઈકોનોમી મોનીટરીંગ સહિત અન્ય ફરજો માટે જિલ્લાના અન્ય કર્મચારીઓને પણ ફરજ સોંપાશે.

## રાજ્યમાં ગરમી વધી

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ સહીત રાજ્યમાં આજે પણ ગરમીના પ્રમાણમાં વધારો થયો હતો. ગરમી વધતા બપોરે ગરમ પવન ફુંકાયો હતો. રાજ્યના ત્રણ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી રોજકોટમાં ૪૦.૨ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનુંપ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની આસપાસ રહેશે. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૭ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન ગાંધીનગર ૩૮.૫, વલસાડ ૩૭.૯, સુરેન્દ્રનગર ૪૦.૦ ડિગ્રી નોંધાયું હતું.





